## પૂરક નોંધ:

માન.વડાપ્રધાનશ્રીનાં સહકારથી સમૃધ્ધિનાં વિઝનને સાકાર કરવા ભારત સરકાર દ્વારા નવિન સહકાર વિભાગની રચના કરવામાં આવેલ છે. આ વિભાગ દ્વારા દેશમાં સહકારી પ્રવૃત્તિનો વ્યાપ વધે તેમજ સહકારી સંસ્થાઓ આર્થિક રીતે વધુ સમૃધ્ધ બને તે માટે કેન્દ્ર સરકારે અનેક પહેલો શરૂ કરેલ છે. ભારત સરકારશ્રીની આ પહેલો પૈકી એક પહેલ મુજબ તમામ સહકારી સંસ્થાઓના તથા સભાસદોના ખાતાઓ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોમાં ખુલે અને તે રીતે સહકારના સાત સિધ્ધાંતો પૈકીના એક સિધ્ધાંત સહકારી સંસ્થા વચ્ચે સહકારની ભાવનાને વાસ્તવિક રીતે અમલીકરણ કરી શકાય તે ઉદ્દેશ છે. ભારત સરકારશ્રીના માન. ગૃહ અને સહકાર મંત્રીશ્રીદ્વારા આ પહેલના અમલીકરણ માટે અનુરોધ કરવામાં આવેલ. અને આ માટે ગુજરાત રાજયના બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લાને પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદગી કરવામાં આવેલ.

આ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત આ જિલ્લાની મધ્યસ્થ સહકારી બેંકો દ્વારા પ્રાથમિક દૂધ સહકારી મંડળીઓને જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો દ્વ્રારા બેંક મિત્ર બનાવવામાં આવેલ છે. તેમજ પ્રાથમિક દૂધ સહકારી મંડળીનાં તથા સભાસદોના ખાતાઓ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોમાં ખોલવામાં આવેલ છે. વધુમાં નાબાર્ડના સહયોગથી બેંક મિત્ર બનાવેલ મંડળીના મકાન ખાતે માઇક્રો એટીએમ પણ પુરા પાડવામાં આવેલ છે. જેનાથી મંડળીઓના સભાસદોને ડોર સ્ટેપ નાણાકીય સેવાઓ પૂરી પાડી શકાયેલ છે. જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક દ્વારા બેંક મિત્ર તરીકે કામગીરી માટે પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળીઓ (પેક્સ)/દૂધ મંડળીઓને કમિશન પણ આપવામાં આવી રહેલ છે. જેથી આવી મંડળીની આવકમાં પણ વધારો થઈ રહેલ છે. આમ આ પહેલને કારણે અત્યાર સુધીમાં સમગ્ર રાજયની જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કોમાં અંદાજીત ૮,૭૦,૦૦૦ નવા ખાતાઓ ખુલેલ છે.